# -:શ્રેષ્ઠ કર્મોની ચાવી:-

"જીવનની અંદર ગુણ નહી, જીવનમાં શક્તિ નહી તો કોઈ પણ પ્રકારનો જયનો, ઉત્સાહનો, ઉમંગનો અનુભવ નથી થતો અને ઉમંગ ઉત્સાહ પણ જીવતો નથી તથા જીવનની અંદર જો ઉત્સાહ નથી, જો ઉમંગ નથી તો જીવન જીવન નથી લાગતું."

ઓમ શાંતિ. પરમપિતા પરમાત્મા જે આપણા સર્વ આત્માઓના દુ:ખ હર્તા સુખ કર્તા છે. સર્વ આત્માઓના કલ્યાણકારી છે. સર્વે આત્માઓને સદબુદ્ધિવાળા, સર્વ પાપકર્મ અને વિકર્મથી બચવા માટેની જે શક્તિઓ જોઈએ એ વ્યક્તિઓને પ્રદાન કરવાવાળા છે. અર્થાત સર્વ મનુષ્ય આત્માઓને શ્રેષ્ઠ બનવા જે આવશ્યકતાઓ ગુણોની, શક્તિઓની છે તે પરમપિતા પરમાત્મા દ્વારા થાય છે. મનુષ્યને સર્વ પ્રકારના ગુણ, સર્વપ્રકારની શક્તિઓ પરમપિતા પરમાત્મા પાસેથી ભિન્ન ભિન્ન રૂપમાં ભિન્ન ભિન્ન સમય પર મળતી રહે છે, ને મનુષ્ય આત્માઓ પોતાનું જીવન આ ગુણો, શક્તિઓના આધાર પર ચલાવી રહ્યા છે. જો જીવનની અંદર ગુણ નહી, જીવનમાં શક્તિ નહી તો કોઈ પણ પ્રકારનો જયનો, ઉત્સાહનો, ઉમંગનો અનુભવ નથી થતો અને ઉમંગ ઉત્સાહ પણ જીવતો નથી તથા જીવનની અંદર જો ઉત્સાહ નથી, જો ઉમંગ નથી તો જીવન જીવન નથી લાગતું. જીવન હોવા છતાં પણ મનુષ્ય આત્મા એક મુડદાની જેમ જીવન એવી રીતે જીવે છે. જેવી રીતે કોઈ નકામો બોજ પોતાની પીઠ પર ભાર વેંઠતો હોય છે.

જીવન પણ એને વ્યર્થ સમજાય છે અને આવા પ્રતિ જે પણ મનની અંદર સંકલ્પ ચાલે છે અથવા બુધ્ધિની અંદર વિચાર લે છે, એ બધા સંકલ્પ અને વિચાર એના વ્યર્થ ખાતામાં જાય છે. જીવનની અંદર વ્યર્થનું જમા થવું, જીવન નિષ્ફળ હોવાનું સિદ્ધ કરે છે અને જો સમર્થનું ખાતું જમા થાય તો જીવન સરળના ખાતામાં. જીવનને સફળ કરવા માટે પ્રત્યેક મનુષ્ય આત્મા પ્રયત્નશીલ રહે છે. કોઇપણ એ નહી ઈચ્છે કે એનું જીવન વ્યર્થ જાય કારણકે જેને આ સમજ છે કે, જે મનુષ્ય જીવન આપણને પ્રાપ્ત થયું છે ખુબજ અનમોલ છે, અમૂલ્ય છે અને આપણને પરમાત્માની તરફથી વરદાનની પ્રાપ્તિ છે અને આ પ્રભુના વરદાનનો આપણે યથાર્થ રીતથી આપણી અંદર એનો ઉપયોગ કરવાનો છે એવું જીવન સદા સફળ રહેશે. જો આપણે આ વરદાનનો જીવનમાં યથાર્થ રીતથી ઉપયોગ નહી કરીએ તો આ જીવન નહી રહીને દુષ્કર જીવન બની જશે અને જે પણ કર્મ થાય છે તે ન શ્રેષ્ઠ કર્મ થઈ શકે અને ન સિદ્ધ કર્મમાં ગણાય પણ આ કર્મો પણ એક તરફથી વ્યર્થ કર્મો અથવા કુકર્મોમાં જમા થાય છે. જેનું કોઈ ફળ પ્રાપ્ત થતું નથી. જીવનની અંદર જમા ખાતાને આગળ ધપાવવું જરૂરી છે પણ આને આગળ કેવીરીતે વધારીએ? જમાની વૃદ્ધિ કેવી રીતે કરીએ?

*****